**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : શીતલ વૈશ્નવ**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 01-06-2024** **સમય : સવારે 6.50 વાગ્યે**

---

## <u>ચૂંટણી જંગનું સમાપન</u>

વિશ્વના સૌથી મોટા લોકશાહી રાષ્ટ્ર ભારતમાં 18 મા સંસદીય ચૂંટણી જંગના સાતમા અને અંતિમ તબક્કા નાં મતદાન સાથે લગભગ અઢી મહિના  ચાલેલા ચૂંટણી જંગ નું આજે સમાપન થશે. આજે સાતમા અને અંતિમ તબક્કાનાં મતદાનનો થોડીવારમાં પ્રારંભ થશે એ તબક્કામાં સાત રાજ્યો અને એક કેન્દ્ર શાસિત પ્રદેશની 57 બેઠકો પરના 904 ઉમેદવારોનાં ભાગ્યનો ફેંસલો થશે. આજે  મતદાન થવાનું છે એમાં ઉતર પ્રદેશ અને પંજાબની 13-13, પશ્ચિમ બંગાળની 9 બિહારની 8, ઓડિશાની 6, હિમાચલ પ્રદેશની 4 ઝારખંડની 3 અને ચંદીગઢની કેન્દ્ર શાસિત પ્રદેશની એક બેઠકનો સમાવેશ થાય છે.

આજના અંતિમ તબક્કામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વારાણસી બેઠક મહત્વની મનાય છે. શ્રીમોદી  સતત ત્રીજી વખત આ બેઠક પરથી જંગ લડી રહ્યા છે. કોગ્રેસ એ પ્રદેશ અધ્યક્ષ અજય રાયને અને બહુજન

સમાજ પાર્ટીએ  અત હર જમાલ લારીને  હરીફ બનાવ્યા છે. આજે જે અન્ય મહત્વના ઉમેદવારોનાં ભાગ્યનો ફેંસલો થશે એમાં કેન્દ્રીય મંત્રીઓ અનુરાગસિહ ઠાકુર, મહેન્દ્રનાથ પાંડેય, અનુપ્રિયા પટેલ, પંકજ ચૌધરી, અભિનેત્રી કંગના રનૌત,  તૃણમુલ કોગ્રેસના મહા સચિવ અભિષેક બેનરજી, પંજાબના પૂર્વ મુખ્યમંત્રી ચરણજીતસિંહ ચૈની વિગેરે મુખ્ય છે.

ચંદ્રવદન પટ્ટણી

---

## મતગણતરી પ્રક્રિયા

ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ જણાવ્યું છે કે, ચોથી જૂને સવારે સમગ્ર રાજ્યમાં 26 મતગણતરી કેન્દ્રો પર મતગણતરી હાથ ધરાશે.

લોકસભાની સામાન્ય ચૂંટણી તથા ગુજરાત વિધાનસભાની પેટાચૂંટણીઓની મતગણતરી સંદર્ભે વિડિયો કૉન્ફરન્સના માધ્યમથી યોજાયેલી સમીક્ષા બેઠકમાં તેમણે આ મુજબ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, સમગ્ર મતગણતરી કામગીરી માટે 56 મતગણતરી નિરીક્ષકો, 30 ચૂંટણી અધિકારી અને 180 મદદનીશ ચૂંટણી અધિકારી ફરજ બજાવશે. શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું હતું કે, મતગણતરીના દરેક ટેબલ પર એક માઈક્રો-ઑબ્ઝર્વર, એક કાઉન્ટીંગ સુપરવાઈઝર અને એક કાઉન્ટીંગ આસિસ્ટન્ટને ફરજ સોંપવામાં આવી છે. મતગણતરીની સમગ્ર પ્રક્રિયાની વિડિયોગ્રાફી કરવામાં આવશે.

મતગણતરી મથકો પર માત્ર ભારતના ચૂંટણી પંચ દ્વારા માન્યતા પ્રાપ્ત અધિકારીઓ, નિરિક્ષકો, ફરજ પરના કર્મચારીઓ-અધિકારીઓ, ઉમેદવારો, તેમના ચૂંટણી એજન્ટો તથા કાઉન્ટિંગ એજન્ટ્સ પ્રવેશ કરી શકશે.

તમામ મતગણતરી કેન્દ્રો પર ત્રિસ્તરીય સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે. દરેક મતગણતરી કેન્દ્રમાં મિડિયા સેન્ટર ઉભુ કરવામાં આવ્યું છે. રાજ્યકક્ષાએ પત્રકારોને પરિણામની વિગતો મળી રહે તે માટે નવા સચિવાલયમાં મીડિયા સેન્ટર ઉભું કરવામાં આવશે. આ ઉપરાંત મતગણતરીના દિવસે results.eci.gov.in પર ચૂંટણીના પરિણામો જાણી શકાશે.

**RNU અમદાવાદ**

---

## રેશનકાર્ડ ધારક

રાજ્યના તમામ શ્રેણીના રેશનકાર્ડ ધારકોએ રેશનકાર્ડને એક્ટિવ એટલે કે ચાલુ  રાખવા તથા રેશનકાર્ડ સાથે જોડાયેલી યોજનાઓનો લાભ મેળવવા તેનું પ્રમાણીકરણ ફરજિયાત બનાવવામાં આવ્યું છે.

સત્તાવાર યાદી મુજબ, રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા ધારો, APL જેવી તમામ શ્રેણીના રેશનકાર્ડ ધારકોએ જરૂરી દસ્તાવેજો ખાસ કરીને આધાર કાર્ડ સાથે સંબંધિત મામલતદાર કચેરીની પુરવઠા શાખાનો સંપર્ક કરવાનો રહેશે. અથવા રેશનકાર્ડ ધારક MY RATION CARD MOBILE APP મારફતે એપમાં દર્શાવેલ પગલાઓને અનુસરીને જરૂરી પ્રમાણીકરણ

માટેની માહિતી સંબંધિત મામલતદાર કચેરીને મોકલીને e-KYC કરાવી શકે છે.

**RNU અમદાવાદ**

----------------------------------------------------------------------

## વિશ્વ દૂધ દિવસ

સંયુક્ત રાષ્ટ્રના ફુડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઇઝેશન FAO દ્વારા 1 લી જૂનના વિશ્વ દૂધ દિવસની ઉજવણી કરવામાં આવે છે. માલધારી વર્ગ માટે ગાય, ભેંસ અને બકરીના દૂધ સાથે ઊંટડીનું દૂધ પણ આવકનું માધ્યમ બન્યું છે. ગઢશીશા ખાતે દૈનિક 1800 લિટર ઊંટડીનું દૂધ એકત્રીત થાય છે. ઉપરાંત કોટડા (ચકાર), નખત્રાણા, દયાપર તથા રાપરમાં ઊંટના દૂધનું એકત્રીતકરણ થાય છે.

શીતલ વૈશ્નવ

----------------------------------------------------------------------

## કચ્છને રાજ્યનો દરજ્જો

આજે 1 લી જૂન આજથી 76 વર્ષ પહેલાં 1948 ના દિને કચ્છનું દેશી રાજ્ય, કચ્છના અંતિમ રાજવી મદનસિંહજીએ સરદારશ્રીની અપીલને માન આપી ભારત સંઘને ચરણે ધરી દીધું હતું. કચ્છને કેન્દ્રશાસિત પ્રદેશ તરીકે ક વર્ગનાં રાજ્યનો દરજ્જો પ્રાપ્ત થયો હતો. પ્રથમ ચીફ કમિશનર સી કે દેસાઈ ના હસ્તે ભુજ નાં મિડલ સ્કુલ નાં મેદાન માં ત્રિરંગી લહેરાવ્યો હતો.

ચંદ્રવદન પટ્ટણી

---

## હવામાન

હવામાન વિભાગે આગામી ત્રીજી જૂન સુધી કચ્છ, ઉત્તર અને મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં ધૂળની આંધી ફૂંકાવાની અને એ વખતે પવનની ગતિ અંદાજે 40 કિલોમીટર પ્રતિ કલાક સુધી રહેવાની સંભાવના દર્શાવી છે. એવી જ રીતે, દક્ષિણ ગુજરાત નજીકના અરબી સમુદ્રમાં આજરોજ પવનની ગતિ 35થી 45 કિલોમીટર પ્રતિ કલાક રહેવાની તેમજ બીજી અને ત્રીજી જૂનના રોજ સંબંધિત વિસ્તારમાં પવનની ગતિ 45થી 55 કિલોમીટર પ્રતિ કલાક સુધી વધવાની સંભાવના દર્શાવી છે. આથી માછીમારોને સતર્ક રહેવાની અને દરિયો નહીં ખેડવાની સૂચના અપાઇ છે. દરમિયાન ગઇકાલે જિલ્લા મથક ભુજમાં મહત્તમ તાપમાન 38.4 ડિગ્રી તો કંડલા એરપોર્ટમાં 39.1 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. તીવ્ર ગતિએ પવન ફૂકાવા સાથે વાતાવરણમાં ભેજના પ્રમાણના કારણે ઉકળાટનો માહોલ યથાવત રહ્યો હતો.

---------